અત્યંત અગત્યનું

નં- એમવીપી/એસટીએ/૧૪૧૦૨૦૧૪/૩૨

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં.-૬, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજય, ગાંધીનગર. તારીખઃ-

- 3 MAY 2016

પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ.

ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી, તમામ.

વિષયઃ- નિયત કરતાં વધુ માપનાં માલ તેમજ નિયત કરતાં વધુ માપનાં વાહનનાં પરિવહન માટે માંડવાળ ફી ઠરાવવા બાબત.

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃ- એમવીપી-એસટીએ-૧૪૧૦૨૦૧૪-૩૨- ૮૦૩૫તા. ૧૫.૧૧.૨૦૧૪.

(૨) બં.અને.વા.વ્ય. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક એમવીડી/૧૦૧૪-૨૫૫૦-ખ તા.૧૩.૪.૧૬

(૩) રાજય સત્તામંડળ (એસટીએ) ની તા. ૨૬.૪.૨૦૧૬ ની મંજુરી.

ઉપરોકત વિષયે તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સત્તા મંડળ (એસટીએ) દ્વારા તા.૧૫-૧૧-૧૪ના રોજ ના ઠરાવથી વધુ માપના માલ તેમજ વધુમાપના વાહનના પરિવહન માટેની રાજ્યમાં અમલી માંડવાળ ફી ની પધ્ધતિ ની સમિક્ષા કરવામાં આવી હતી. આ સમિક્ષા દરમિયાન અનિવાર્ય ઔદ્યોગિક આવશ્યકતાઓ, આંતર માળખાકીય મોટા પ્રોજેકટોનો વિકાસ, માર્ગસલામતી, કલમ ૮૬(૫) ની જોગવાઇઓ, સરકારશ્રીનું સુચન,માંડવાળ ફી નું સરળીકરણ અને તાર્કિકીકરણ (Rationalisation) ની જરૂરીયાત લક્ષમાં લઇ તેમજ કલમ ૬૮ (૩) હેઠળની સત્તાની રૂએ રાજ્યના તમામ સ્થાનિક સત્તા મંડળોને આ માંડવાળ ફી બાબતે માર્ગદર્શન અને દિશા નિર્દેશ આપવા રાજ્ય સત્તા મંડળે કરેલ ઠરાવના અનુસંધાને સંદર્ભ-૧ થી પરિપત્ર કરેલ. ત્વરીત સંદર્ભ અર્થે તા.૧૫-૧૧-૧૪ ની નકલ સામેલ છે. આ પરિપત્રીત સૂચનાઓ સંબંધમાં વિવિધ એસોસીએશનો, વ્યક્તિઓ, ટ્રાન્સપોર્ટરો તરફથી મળેલી રજુઆતો તથા ઉધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજયનો અભિપ્રાય અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની તા. ૧૩.૪.૨૦૧૬ ની મંજુરી અન્વયે માલવાહક વાહનનાં ડાયમેન્શનથી બહાર નીકળતાં માલ માટે મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ ૮૬(૫) હેઠળ માંડવાળ ફી ઠરાવવા રાજયનાં તમામ સ્થાનિક સત્તામંડળોને કલમ-૬૮ ની પેટા કલમ-૩ થી મળેલ સત્તાની રૂઇએ માર્ગદર્શન આપવા રાજય પરિવહન સત્તામંડળ (એસટીએ) ના તા. ૨૬.૪.૨૦૧૬ ના ઠરાવ થી તા. ૧૫.૧૧.૨૦૧૪ ની સૂચનામાં આંશીક સુધારા કરવામાં આવેલ છે. અગાઉની સંદર્ભ-૧ ની સુચનામાં થયેલા આંશિક ફેરફારો સાથેની સંકલીત સૂચનાઓ નીચે પ્રમાણે છે.

(૧) મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ ૮૬(૫) હેઠળ વાહનના માપ કરતાં બહાર નીકળતા પાઇપો, લોખંડના સળીયા, લાકડાના લોગ, ઔદ્યોગીક માલ, અન્ય વન પીસ મટીરીયલ વિગેરેના પરિવહનના કિસ્સામાં (માલ વન પીસ હોય કે વધારે પીસ હોય) ,કેન્દ્રીય મોટર વાહન નિયમ, ૧૯૮૯ના નિયમ ૯૩ (૮) નો ભંગ કરીને થતા પરિવહન માટે નીચે પ્રમાણે માંડવાળ ફી ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | વાહનનો પ્રકાર | માલનું વિવરણ | માલ બહાર નીકળતા થતો ડાયમેન્શન નો ભંગ | પ્રતિ ડાયમેન્શન માંડવાળ ફી રૂ. |
|---|---|---|---|---|
| ૧ | રીઝીડ ગુડઝ વાહનો | ખેત વિષયક સિવાયનો માલ તેમજ લુઝ મટીરીયલ સિવાયનો માલ | કોઈપણ ડાયમેન્શનના ભંગ બદલ | ૨૦૦૦ |
| | રીઝીડ ગુડઝ વાહનો | ખેત વિષયક માલ તેમજ લુઝ મટીરીયલ માલ, ઘરવખરી | કોઈપણ ડાયમેન્શનના ભંગ બદલ | ૧૦૦૦ |
| ૨ | ટ્રક-ટ્રેઇલર કોમ્બીનેશન વાહન તથા આર્ટીકયુલેટેડ વાહનો | એક જ માલ (એક જ નંગ- અવિભાજ્ય માલ) | કોઇપણ ડાયમેન્શન નો ભંગ | ૧૦૦૦૦ |
| | | એક થી વધુ માલ જેમાં ખેતપેદાશ- ઘરવખરી સામાન તથા અન્ય લુઝ મટીરીયલ સિવાયનો માલ | કોઇપણ ડાયમેન્શન નો ભંગ | ૪૦૦૦ |
| ૩ | કાર કેરીયર અથવા ઓટોમોબાઈલ પ્રોડકટકેરીયર | ઓટો મોબાઈલ પ્રોડકટ | કોઈપણ ડાયમેન્શનમાંથી બહાર નીકળે તો નિયમ ભંગના પ્રતિ ડાયમેન્શન ભંગ દિઠ | ૧૦૦૦ |

નોંધ –

(૧) નીચેની શરતોનું પાલન થાય તો જ વાહનની બહાર નીકળતા માલ ના ગુન્હાને માંડવાળ કરવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

(એ) આ વાહનો ઉપર નિયમ પ્રમાણે રીફલેકટરર્સ, રેડયમ રીફલેકટીવ ટેપ લગાવવી જોઇશે.

(બી) બહાર નીકળતા માલ પર લાલ ઝંડી તથા વન પીસ માલની બંને બાજુએ દ્રશ્યમાન થાય તે રીતે મોટી રેડીયમ સ્ટ્રીપ લગાડવી જોઇશે.

(સી) આવા વાહનનું પરિવહન ૬૦ કિ.મીટર પ્રતિ કલાક અથવા જે તે માર્ગ પર નકકી થયેલ ગતિમર્યાદા એ બે માંથી જે ઓછુ હોય તેનાથી વધારે ઝડપથી કરી શકાશે. નહીં.

(ડી) ઉપરોકત ત્રણે શરતોનું પાલન ન કરનાર માલીક/ડ્રાઈવરના વાહનને આ શરતોનું પાલન કરવા સમજ આપવી અને શરત પૂર્ણ થયેથી જ માંડવાળની કાર્યવાહી કરવી.

(૨) વધુમાં, માલ વાહક વાહનનાં ડાયમેન્શન કરતાં વધુ માપનાં માલ બહાર નીકળવાને કારણે ઉભી થતી જાન અને માલનાં જોખમી શકયતાઓને ધ્યાને લઇ તથા ઉધોગ, ખેતી વિગેરેના વિકાસ માટે જરૂરી કાર્ગો મુવમેન્ટને ધ્યાનમાં લઇ તથા અર્થઘટનના પ્રશ્નો નિવારવા "લુઝ મટીરીયલ્સ સિવાયના માલ" શબ્દનું અર્થઘટન કરવાની જરૂરીયાત જણાયેલ. આથી રાજયનાં તમામ સ્થાનિક પરિવહન સત્તામંડળોને કલમ-૬૮ ની પેટા કલમ-૩ થી મળેલ સત્તાની રૂઇએ રાજય પરિવહન સત્તામંડળ (એસટીએ) ના તા. ૨૬.૪.૨૦૧૬ ના ઠરાવ થી "લુઝ મટીરીયલ સિવાયના માલ" શબ્દોનું અર્થઘટન કરવા નીચે પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવેલ છે.

| શબ્દો | અર્થઘટન |
|---|---|
| લુઝ મટીરીયલ્સ સિવાયનો માલ | વાહનનાં કોઇપણ ડાયમેન્શનમાંથી બહાર નીકળતો (Across the body) સળંગ વનપીસ માલ. દા.ત. (૧)લાંબો સળીયો, લાકડાનો લોગ વિગેરે. (૨) કોથળામાં પેક થયેલ અથવા અન્ય પેકીંગોમાં પેક થયેલ માલ લુઝ મટીરીયલ ગણાય. |

(૨) કેન્દ્રીય મોટરવાહન નિયમ,૯૩ના પેટા નિયમ ૧ થી ૭ ના ભંગ બદલ એટલે કે નીયત માપ કરતા વધુ માપના કોઇ પણ પ્રકારના વાહનોના પરિવહન બદલ નીચે પ્રમાણે માંડવાળ ફી ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | વાહન | નિયમ | કયા ડાયમેન્સનનો ભંગ | માંડવાળ ફી |
|---|---|---|---|---|
| ૧ | કારકેરીયર અથવા ઓટોમોબાઇલ પ્રોડકટ કેરીયર | ૯૩ (૧) થી (૭) | કોઇ પણ ડાયમેન્શન માંથી બહાર નીકળે - નિયમ ભંગના પ્રતિ ડાયમેન્સન ભંગ દીઠ | રૂ. ૧,૦૦૦/- |
| ૨ | ઉપરોકત ક્રમ નંબર એક સિવાયના કોઇ પણ પ્રકારના માલવાહક કે ઉતારૂ વાહનો | ૯૩ (૧) થી (૭) | " | રૂ.૧૦,૦૦૦/- |

નોંધઃ- નીચેની શરતોનું પાલન થાય તો જ કેન્દ્રીય મોટરવાહન નિયમ,૯૩ના પેટા નિયમ ૧ થી ૭ ના ભંગ બદલ એટલે કે નીયત માપ કરતા વધુ માપના કોઇ પણ પ્રકારના વાહનોના પરિવહન બદલ માંડવાળ કરવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

(એ) આ વાહનો ઉપર નિયમ પ્રમાણે રીફલેકટર્સ, રેડયમ રીફલેકટીવ ટેપ લગાવવી જોઇશે.

(બી) આવા વાહનનું પરિવહન ૬૦ કિ.મીટર પ્રતિ કલાક અથવા જે તે માર્ગ પર નકકી થયેલ ગતિમર્યાદા એ બે માંથી જે ઓછુ હોય તેનાથી વધારે ઝડપથી કરી શકાશે. નહીં.

(ડી) ઉપરોકત શરતોનું પાલન ન કરનાર માલીક/ડ્રાઈવરના વાહનને આ શરતોનું પાલન કરવા સમજ આપવી અને શરત પૂર્ણ થયેથી જ માંડવાળની કાર્યવાહી કરવી.

(૩) વાહનના ડાયમેન્શનમાં છુટછાટ આપવા તેમજ વાહનની લંબાઇ-પહોળાઇ કરતાં વધુ માપના બહાર નીકળતા માલનું પરિવહન કરવા છુટછાટ આપવા મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૧૧૦ (૩) માં કેન્દ્ર તેમજ રાજય સરકારને સત્તા છે. આ છુટછાટ ભારત સરકારે "over all dimension of motor vehicles (Prescription of condition for exemption) Rules, 1991" માં ઠરાવેલી છે. આ શરતોના ચુસ્ત પાલનને આધીન જ આ છુટછાટ આપવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં આ બધી શરતોનું પાલન થતુ જણાતું હોતુ નથી. આથી કેન્દ્ર અથવા રાજય સરકારે માલ વાહક વાહનના ડાયમેન્શન અથવા તો વધુ લંબાઇ-પહોળાઇનો માલ લઇ જવા છુટ આપેલ હોય અને શરતોનો ભંગ થાય તો તેવા કીસ્સામાં માંડવાળ ફીની રકમ રૂ-૫૦૦૦ – પ્રતિ ડાયમેન્સન ભંગ માટે ઠરાવવામાં આવે છે.

(૪) સ્પષ્ટતા માટે ઠરાવવામાં આવે છે કે ઠરાવવામાં આવે છે કે ૮૬(૫) હેઠળની માંડવાળ ફી ની કાર્યવાહીમાં ડ્રાયવર અને માલીકીની અલગ અલગ માંડવાળ ફી લેવી નહીં.

(૫) સ્પષ્ટતા માટે ઠરાવવામાં આવે છે કે કોઇ વાહનમાં લંબાઇ, પહોળાઇ, ઉંચાઇના ડાયમેન્સનનો ભંગ થતો હોય તો પ્રતિ ડાયમેન્સન ભંગ દીઠ માંડવાળ ફી લેવી. તેજ રીતે વાહનની બહાર નીકળતો

માલ જેટલા ડાયમેન્સનથી બહાર નીકળતો હોય તેટલા ડાયમેન્સન દીઠ માંડવાળ ફી લેવી. પરંતુ પહોળાઇમાં બે બાજુ માલ બહાર નીકળતો હોય તો તેવા કિસ્સામાં પહોળાઇના ડાયમેન્સનના ભંગ બદલ બમણી માડવાળ ફી લેવી નહી .

(૬) સાથે સાથે ઠરાવવામાં આવે છે કે આ ઠરાવથી સ્થાનિક વાહન વ્યવહાર સત્તા મંડળની વિવેકાધીન સત્તાને બાધ આવશે નહીં."

આ માર્ગદર્શક ઠરાવનો અમલ કરવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન. કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂં.

તિડાણ-૨

ત અગત્યનું

નં.એમવીપી/એસટીએ/૧૪૧૦૨૦૧૪/૩૨/ ૬૦૩૫

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં. ૬, બીજો, ત્રીજો, માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તા. /૧૧/૨૦૧૪

15 NOV 2014

પ્રતિ,

આરટીઓ/એઆરટીઓ/ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓ

તમામ

વિષયઃ- રાજ્ય સત્તા મંડળ (એસટીએ) દ્વારા તા.૧૫-૧૧-૧૪ના રોજ ના ઠરાવથી વધુ માપના માલ તેમજ વધુમાપના વાહનના પરિવહન માટેની રાજ્યમાં અમલી માંડવાળ ફી ની પધ્ધતિ ની સમિક્ષા કરીને કરવામાં આવેલ ઠરાવ નો અમલ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયે તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સત્તા મંડળ (એસટીએ) દ્વારા તા.૧૫-૧૧-૧૪ના રોજ ના ઠરાવથી વધુ માપના માલ તેમજ વધુમાપના વાહનના પરિવહન માટેની રાજ્યમાં અમલી માંડવાળ ફી ની પધ્ધતિ ની સમિક્ષા કરવામાં આવી હતી. આ સમિક્ષા દરમિયાન અનિવાર્ય ઔદ્યોગિક આવશ્યકતાઓ, આંતર માળખાકીય મોટા પ્રોજેકટોનો વિકાસ, માર્ગસલામતી, કલમ ૮૬(૫) ની જોગવાઇઓ, સરકારશ્રીનું સુચન,માંડવાળ ફી નું સરળીકરણ અને તાર્કિકીકરણ (Rationalisation) ની જરૂરીયાત લક્ષમાં લઇ તેમજ કલમ ૬૮ (૩) હેઠળની સત્તાની રૂએ રાજ્યના તમામ સ્થાનિક સત્તા મંડળોને આ માંડવાળ ફી બાબતે માર્ગદર્શન અને દિશા નિર્દેશ આપવા રાજ્ય સત્તા મંડળે નીચે પ્રમાણે ઠરાવ કરેલ છે.

"ઠરાવ

(૧) આ સત્તા મંડળ ઠરાવે છે કે "કન્સાઇનમેન્ટ માલ" એટલે ડીપાર્ટમેન્ટમાં યોજાતી સામાન્ય પરિભાષામાં અવિભાજય માલ, જો આવા માલનો એક નંગ હોય તો આર્ટીકયુલેટેડ કે ટ્રક ટ્રેઇલર કોમ્બીનેશનમાં Rs.૧૦,૦૦૦/- માંડવાળ ફી છે, જયારે આવા એકથી વધુ નંગનાં માલ માટે માત્ર Rs.૨૦૦૦/- ફી છે. હવે, એકથી વધુ નંગ ન હોવાથી જોખમનું પ્રમાણ ઘટતુ નથી. તેથી કન્સાઇનમેન્ટ હોઇ કે કન્સાઇનમેન્ટ ન હોય તેવા તમામ પ્રકારના માલ માટે સરખી માંડવાળ ફી રાખવાની જરૂર છે.

(૩) આ સત્તા મંડળ, પાઇપો, લોખંડના સળીયા, લાકડાના લોગ, ઔદ્યોગીક માલ, અન્ય વન પીસ મટીરીયલ વિગેરેના પરિવહનના કિસ્સામાં માલ વન પીસ હોય કે વધારે પીસ હોય તે તમામ માટે માંડવાળ ફી સમાન રાખવાનું ઠરાવે છે. જયારે ખેત પેદાશો, ઘર વખરી, ઉપર જણાવ્યા સિવાયનું લુઝ મીટીરીયલ વિગેરેમાં માંડવાળ ફી નું હાલનું ધોરણ યથાવત રાખવામાં આવે છે.

(૪) કારકેરીયર તેમજ અન્ય ઓટોમોબાઇલ પ્રોડકટ કેરીયરમાં અર્થઘટનમાં મુંઝવણની પરિસ્થિતિમાં નિવારવા કારકેરીયરને ઓટોમોબાઇલ પ્રોડકટ કેરીયર તરીકે ઓળખવા ઠરાવવામાં આવે છે.

(૫) સત્તા મંડળ ઠરાવે છે કે નિયમ કરતાં વધુ માપના વાહનના ઉપયોગના કિસ્સામાં રીઝીડ વાહનો, આર્ટીક્યુલેટેડ વાહનો, ટ્રક ટ્રેલર કોમ્બીનેશન, કારકેરીયર અથવા ઓટોમોબાઇલ કેરીયર બાબતે તથા આર્ટીક્યુલેટેડ વાહનો, ટ્રક ટ્રેલર કોમ્બીનેશન, કારકેરીયર અથવા ઓટોમોબાઇલ કેરીયર બાબતે માં લઇ જવાતા આવા વાહનોના માપ કરતાં વધુ માલના કિસ્સાઓમાં હાલની પરિસ્થિતિનો અભ્યાસ કરી જરૂરી રીપોર્ટ તૈયાર કરી માંડવાળ ફીના ધોરણોમાં સુધારા -વધારા માટેના સુચનો આ સત્તા મંડળ સમક્ષ રજૂ કરવા માટે કમિટી બનાવવા વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીને સુચના આપવાનું સત્તા મંડળ ઠરાવે છે.

(૬) ઉપરોકત વિગતે હાલના તબકકે આ સત્તા મંડળ કલમ ૮૬(૫) હેઠળ વાહનના માપ કરતાં બહાર નીકળતા પાઇપો, લોખંડના સળીયા, લાકડાના લોગ, ઔદ્યોગીક માલ, અન્ય વન પીસ મટીરીયલ વિગેરેના પરિવહનના કિસ્સામાં (માલ વન પીસ હોય કે વધારે પીસ હોય) કેન્દ્રીય મોટર વાહન નિયમ, ૧૯૮૯ના નિયમ ૯૩ (૮) નો ભંગ કરીને થતા પરિવહન માટે નીચે પ્રમાણે માંડવાળ ફી ઠરાવે છે.

| ક્રમ | વાહન | નિયમ | માલ કયાથી બહાર નીકળે | માંડવાળ ફી |
|---|---|---|---|---|
| ૧ | રીઝીડ ગુડઝ વાહનો | ૯૩(૮) | લંબાઇ (પાછળની બાજુએ) | રૂ.૪,૦૦૦/- |
| | રીઝીડ ગુડઝ વાહનો | ૯૩(૮) | પહોળાઇ (સાઇડની બાજુએ) | રૂ.૩,૦૦૦/- |
| | રીઝીડ ગુડઝ વાહનો | ૯૩(૮) | ઊંચાઇ (ઉપરની બાજુએ) | રૂ.૩,૦૦૦/- |
| ૨ | ટ્રક ટ્રેઇલર કોમ્બીનેશન વાહનો, આર્ટીક્યુલેટેડ વાહનો | ૯૩(૮) | કોઇ પણ ડાયમેન્શન માંથી બહાર નીકળે - નિયમ ભંગના પ્રતિ ડાયમેન્સન ભંગ દીઠ | રૂ૧૦,૦૦૦/- |
| ૩ | કાર કેરીયર અથવા ઓટોમોબાઇલ પ્રોડકટ કેરીયર | ૯૩(૮) | " | રૂ. ૧,૦૦૦/- |

નોંધ - ૧. કન્સાઇનમેન્ટ હોઇ કે કન્સાઇનમેન્ટ ન હોય તેવા તમામ પ્રકારના માલ માટે સરખી માંડવાળ ફી.

૨. પાઇપો, લોખંડના સળીયા, લાકડાના લોગ, ઔદ્યોગીક માલ, અન્ય વન પીસ મટીરીયલ સિવાયનો માલ તથા ખેત પેદાશો, ઘર વખરી, ઉપર જણાવ્યા સિવાયનું લુઝ મીટીરીયલ વિગેરેમાં આ ઠરાવ અગાઉથી અમલી માંડવાળ ફી યથાવત રાખવામાં આવે છે.

૩. નીચેની શરતોનું પાલન થાય તો જ વાહનની બહાર નીકળતા માલ ના ગુન્હને માંડવાળ કરવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

(એ) આ વાહનો ઉપર નિયમ પ્રમાણે રીફલેકટરર્સ, રેડયમ રીફલેકટીવ ટેપ લગાવવી જોઇશે.

(બી) બહાર નીકળતા માલ પર લાલ ઝંડી તથા વન પીસ માલની બંને બાજુએ દ્રશ્યમાન થાય તે રીતે મોટી રેડીયમ સ્ટ્રીપ લગાડવી જોઇશે.

(સી) આવા વાહનનું પરિવહન ૬૦ કિ.મીટર પ્રતિ કલાક અથવા જે તે માર્ગ પર નકકી થયેલ ગતિમર્યાદા એ બે માંથી જે ઓછુ હોય તેનાથી વધારે ઝડપથી કરી શકાશે નહી.

(ડી) ઉપરોકત ત્રણે શરતોનું પાલન ન કરનાર માલીક/ડ્રાઈવરના વાહનને આ શરતોનું પાલન કરવા સમજ આપવી અને શરત પૂર્ણ થયેથી જ માંડવાળની કાર્યવાહી કરવી.

(૭) ઉપરોકત વિગતે હાલના તબકકે આ સત્તા મંડળ કેન્દ્રીય મોટરવાહન નિયમ,૯૩ના પેટા નિયમ ૧ થી ૭ ના ભંગ બદલ એટલે કે નીયત માપ કરતા વધુ માપના કોઇ પણ પ્રકારના વાહનોના પરિવહન બદલ નીચે પ્રમાણે માંડવાળ ફી ઠરાવે છે.

| ક્રમ | વાહન | નિયમ | કયા ડાયમેન્સનનો ભંગ | માંડવાળ ફી |
|---|---|---|---|---|
| ૧ | કારકેરીયર અથવા ઓટોમોબાઇલ પ્રોડક્ટ કેરીયર | ૯૩ (૧) થી (૭) | કોઇ પણ ડાયમેન્શન માંથી બહાર નીકળે - નિયમ ભંગના પ્રતિ ડાયમેન્સન ભંગ દીઠ | રૂ. ૧,૦૦૦/- |
| ૨ | ઉપરોક્ત ક્રમ નંબર એક સિવાયના કોઇ પણ પ્રકારના માલવાહક કે ઉતારૂ વાહનો | ૯૩ (૧) થી (૭) | " | રૂ.૧૦,૦૦૦/- |

નોંધઃ- નીચેની શરતોનું પાલન થાય તો જ કેન્દ્રીય મોટરવાહન નિયમ,૯૩ના પેટા નિયમ ૧ થી ૭ ના ભંગ બદલ એટલે કે નીયત માપ કરતા વધુ માપના કોઇ પણ પ્રકારના વાહનોના પરિવહન બદલ માંડવાળ કરવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

(એ) આ વાહનો ઉપર નિયમ પ્રમાણે રીફ્લેકટરર્સ, રેડયમ રીફ્લેકટીવ ટેપ લગાવવી જોઇશે.

(બી) આવા વાહનનું પરિવહન ૬૦ કિ.મીટર પ્રતિ કલાક અથવા જે તે માર્ગ પર નક્કી થયેલ ગતિમર્યાદા એ બે માંથી જે ઓછુ હોય તેનાથી વધારે ઝડપથી કરી શકાશે. નહી.

(સી) ઉપરોક્ત શરતોનું પાલન ન કરનાર માલીક/ડ્રાઈવરના વાહનને આ શરતોનું પાલન કરવા સમજ આપવી અને શરત પૂર્ણ થયેથી જ માંડવાળની કાર્યવાહી કરવી.

(૮) વાહનના ડાયમેન્શનમાં છુટછાટ આપવા તેમજ વાહનની લંબાઇ-પહોળાઇ કરતાં વધુ માપના બહાર નીકળતા માલનું પરિવહન કરવા છુટછાટ આપવા મોટર વ્હીકલ્સ એક્ટ,૧૯૮૮ ની કલમ-૧૧૦ (૩) માં કેન્દ્ર તેમજ રાજય સરકારને સત્તા છે. આ છુટછાટ ભારત સરકારે "over all dimension of motor vehicles (Prescription of condition for exemption) Rules, 1991" માં ઠરાવેલી છે. આ શરતોના ચુસ્ત પાલનને આધીન જ આ છુટછાટ આપવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં આ બધી શરતોનું પાલન થતુ જણાતું હોતુ નથી. આથી કેન્દ્ર અથવા રાજય સરકારે માલ વાહક વાહનના ડાયમેન્શન અથવા તો વધુ લંબાઇ-પહોળાઇનો માલ લઇ જવા છુટ આપેલ હોય અને શરતોનો ભંગ થાય તો તેવા કીસ્સામાં માંડવાળ ફીની રકમ રૂ-૫૦૦૦ – પ્રતિ ડાયમેન્સન ભંગ માટે ઠરાવવામાં આવે છે.

(૯) સ્પષ્ટતા માટે ઠરાવવામાં આવે છે કે ઠરાવવામાં આવે છે કે ૮૬(૫) હેઠળની માંડવાળ ફી ની કાર્યવાહીમાં ડ્રાયવર અને માલીકીની અલગ અલગ માંડવાળ ફી લેવી નહીં.

(૧૦) સ્પષ્ટતા માટે ઠરાવવામાં આવે છે કે કોઇ વાહનમાં લંબાઇ, પહોળાઇ, ઉંચાઇના ડાયમેન્સનનો ભંગ થતો હોય તો પ્રતિ ડાયમેન્સન ભંગ દીઠ માંડવાળ ફી લેવી. તેજ રીતે વાહનની બહાર નીકળતો માલ જેટલા ડાયમેન્સનથી બહાર નીકળતો હોય તેટલા ડાયમેન્સન દીઠ માંડવાળ ફી લેવી. પરંતુ પહોળાઇમાં બે બાજુ માલ બહાર નીકળતો હોય તો તેવા કિસ્સામાં પહોળાઇના ડાયમેન્સનના ભંગ બદલ બમણી માંડવાળ ફી લેવી નહી .

(૧૧) સાથે સાથે ઠરાવવામાં આવે છે કે આ ઠરાવથી સ્થાનિક વાહન વ્યવહાર સત્તા મંડળની વિવેકાધીન સત્તાને બાધ આવશે નહીં."

આ માર્ગદર્શક ઠરાવનો અમલ કરવા આરટીઓ (RTA) માં જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી.
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

D:\dcn\MVP\SIA.doc